**રાજકોટના મહેરબાન ૨૦મા એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં**
**મું. રાજકોટ.**

ક્રિમી.કેસ નં.૧૪૩૫૯/૨૦૨૩
આંકઃ–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ– રાકેશ ઉર્ફે બહાદુર પરસોતમાભઈ સરવૈયા

ગુનોઃ– પ્રોહી.એકટની કલમ ૬૬ (૧) (બી),મુજબ

**ઠરાવઃ–**

૧. આરોપી વિરુધ્ધ પોલીસ એવા આક્ષેપ સાથેનું ચાર્જશીટ રજુ કરેલ છે કે,આરોપી તા. ૨૫/૧૨/૨૦૨૨ ના રોજ ગે.કા.પરમીટ કે આધાર વગર દારુ પી મળી આવેલ છે. જે મતલબની ફરીયાદીએ ભકિતનગર પો.સ્ટે.ને ફરીયાદ નોંધાવતા પ્રોહી. ગુન્હા રજી.નં. ૧૧ ૨૦૮૦૫૨૨૨૧૨૧૮/૨૦૨૨ થી ૬૬ (૧) (બી) મુજબ રજસ્ટર કરી સદર ગુન્હાની ત.ક.અમલદારના એ પોલીસ તપાસ પુરી થયા બાદ ઉપરોક્ત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ. સદર કામે આરોપી હાજર થયા બાદ આ કામે આરોપી સામેથી તહોમતનામુ ઘડેલ અને આંકઃ …… થી પ્લી લેતા આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ તેમજ આંકઃ ….. થી પુરસીસ આપી આરોપીએ ગુન્હો કબુલ કરેલ અને ગુના કબુલાતની પુરસીસ આપી જણાવે છે કે આરોપી ગરીબ મધ્યમવર્ગનો માણસ છે.પોતે ઘરમાં એક જ કમાવનાર માણસ છે.કુટુંબની સંપુર્ણ જવાબદારી પોતાના ઉપર છે.

આ કામે આરોપીની રજુઆત ધ્યાને લઈ તેમજ આરોપી સામે ગુન્હાનો આક્ષેપ ધ્યાને લઈ આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષ ગુનો કબુલ કરી થયેલ ગુના બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે આ કામે આરોપીની રજુઆત તથા આરોપની પરીસ્થિતિ વિગેરે ધ્યાને લેતાં તેમજ આરોપીને સજા કરી જેલમાં મોકલતાં ભવિષ્ય અંધકારમય થાય તેમ અત્રેની કોર્ટનુ માનવુ છે

તેમજ આરોપીના કુટુંબ ઉપર તેની વિપરીત અસર પડે તેમ અત્રેની કોરટનું માનવુ છે વધુમા આ કામે નામ.ગુજરાત હાઈકોર્ટના State Of Gujarat V/S Natwar Harchandji Thakor,(2005) 1 GLR 709 માં ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં તથા આરોપીની પરિસ્થિતિ તથા રજુઆત ધ્યાને લેતા આરોપી તેમજ કેસના સંજોગો તથા ગંભીરતા ધ્યાને લઈ આ કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–ઃ હુકમઃ–</u>**

આરોપને ક્રી.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે આરોપી રાકેશ ઉર્ફે બહાદુર પરસોતમાભઈ સરવૈયા ને પ્રોહી.એકટની કલમઃ– ૬૬ (૧) (બી), ના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવીને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ. ૧૦૦/– (અંકેઃ–રૂપીયા સો પુરા) દંડ,નો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દીનઃ–૫ ની સાદી કેદની સજા ભોગવવીનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલ અંગે તેની માલીકીની ખરાઈ કરી મૂળ માલીકને મુદામાલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૦૯/૧૨/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૯/૧૨/૨૦૨૩

(મોહંમદ સઈદ મહેમુદમીયા શેખ)
૨૦ મા એડી. સીનીયર સીવીલ જજ ,
રાજકોટ.
UIC No. GJ01200

ક્રિમીનલ કેસ નં.૧૪૩૫૯/૨૦૨૩

# કલમ–૮૫ માંથી ડીસ્ચાર્જ કરવાની અરજી તળે હુકમ.

અરજી વંચાણે લીધી તથા વિ. વ. શ્રીને સાંભળ્યા, વિ. વ. શ્રીની દલીલ છે કે પ્રોહી કાયદાની કલમ–૮૫ મુજબના તત્વો એફ. આઈ. આર. તેમજ ચાર્જશીટમાં નથી. બનાવ હકીકત ધ્યાને લેતા પ્રોહી કલમ–૮૫ ના કોઈ તત્વો આકર્ષાતા નથી અને ફરીયાદ મુજબ ફકત પ્રોહી કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો બને છે. જેથી આરોપીને પ્રોહી કાયદાની કલમ–૮૫ માંથી ડીસ્ચાર્જ કરવા વિનંતી કરેલ છે.

સરકારી વ. શ્રી ને સાંભળ્યા, તેઓનો શેરો વંચાણે લીધો તેઓએ મુખ્યત્વે રજુઆત કરેલ છે કે સમાજ વિરોધી ગુનો છે. આ કાયદાની કલમોમાં ફેરફાર કરીને સરકારશ્રીએ ગંભીરતા વધારી છે. આવા ગુનાઓને હળવાશથી લઈ શકાય નહી અને ચાર્જશીટ મુજબની કલમો પ્રમાણે ગુનો બનતો હોવાથી ચાર્જશીટ થયેલ છે. ડીસ્ચાર્જ સામે વાંધો છે.

ક્રીમી. પ્રોહી. કોડની કલમ–૨૩૯ અને ૨૪૦ મુજબ બીન તહોમત છોડતી વખતે અથવા તહોમત ફરમાવતી વખતે બચાવપક્ષે સાંભળવાની તક આપવાની હોય છે જે તક છે. જે અરજીના અનુસંધાને એફ. આઈ. આર. તેમજ ચાર્જશીટ વંચાણે લીધા ચાર્જશીટ રેકર્ડ વંચાણે લીધું આરોપી લથડીયા ખાતા / બકવાસ – લવારા કરતા / પીધેલ હાલતમાં મળી આવેલ હોવાનો આક્ષેપ છે. **The Gujarat Prohibition (Amendment) Act 2017** ની **Sec.85** વંચાણે લેતા (1) **Whoever, in any street, thoroughfare, public place, in any place to which the public have or are premitted to have access, is drunk and creates nuisance, takes up a quarrel with any person, uses foul or abusive language, indulges in fight with others, misbehaves with any woman or behaves obscenely,** સદર જોગવાઈ મુજબ કલમ–૮૫ માં થયેલ સુધારા મુજબના તત્વો જેવા કે પીધેલ હાલતમાં...

– 'ઉપદ્રવ ઉન્નત કરવો', *creates nuisance*

– 'કોઈ માણસ સાથે ઝઘડો કરવો ', *takes up a quarrel with any person*

– 'અશ્લીલ તેમજ ગાળો સાથેની ભાષાનો પ્રયોગ કરવો', *uses foul or abusive language*

–'અન્ય સાથે ઝઘડામાં શામીલ થાય',*indulges in fight with others,*

–'કોઈ સ્ત્રી સાથે ગેર–વર્તણુંક કરે અથવા ખરાબ રીતે વર્તે, *misbehaves with any woman or*

–'બીભત્સ કે અશ્લીલ કે હલકટ વર્તન કરવુ' *behaves obscenely*

હાલના કામની ફરીયાદ અને સાહેદોના નિવેદનો વંચાણે લેતા નિવેદનો જોતા આરોપી લવારા/બકવાસ/લથડીયા ખાતો મળી આવેલાની હકીકત જણાવેલ છે તે સિવાય અન્ય કોઈ હકીકત જેવી કે આરોપી ઉપદ્રવ ઉત્પન્ન કરતો હોય કોઈ માણસ સાથે ઝઘડો

કરતો હોય અશ્લીલ તેમજ ગાળો સાથેની ભાષાનો પ્રયોગ કરતો હોય કોઈ સ્ત્રી સાથે ગેર–વર્તણુંક કરતો હોય કે બીભત્સ કે અશ્લીલ કે હલકટ વર્તન કરતો હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી આમ કલમ–૮૫ મુજબના કોઈ તત્વો ફરીયાદ કે સાહેદોના નિવેદન પરથી જણાય આવતા નથી.

હવે પ્રોહી. કલમ–૬૬ વંચાણે લેતા **66. Penalty for illegal cultivation and collection of hemp and other matters** :

*[(1)] <u>Whoever in contravention of the provisions of this Act, or of any rule, regulation or order made or of any licence, permit, pass or authorization issued, thereunder –</u>*

*(a)****

***<u>(b) consumes or uses any intoxicant other than opium or hemp,</u>***

*(c)... (d)... (e)...*

આમ કલમ–૬૬(૧)(બી) ના તત્વો છે કે અફીણ સીવાયનું કેફી પર્દાથ પીવુ કે વાપરવુ કે ઉપયોગ કરવો આરોપી પીધેલ હાલતમાં મળી આવેલાની હકીકત ફરીયાદ તથા નિવેદનોમાં છે આરોપીના લોહીનો નમુનો લેવામાં આવેલ છે ફોર્મ–સી માં ૦.૫૦ ટકા કરતા વધુ આલ્કોહોલ લોહીમાં હોવાનું જણાય આવે છે આમ પ્રથમ દ્રષ્ટીએ ઉપલબધ્ધ રેકર્ડ પરથી આરોપી વિરૂધ્ધ પ્રોહી. ની કલમ–૬૬(૧)(બી) આગળ વધવુ યોગ્ય જણાય છે.

આમ પ્રોહી. કલમ–૮૫ મુજબના તત્વો પ્રથમ દ્રષ્ટીએ જણાતા નથી જયારે કલમ–૬૬(૧)(બી) મુજબના તત્વો જણાતા હોય કલમ–૮૫ મુજબનું તહોમત ફરમાવી ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય નહી તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. જેથી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–: હુ ક મ :–</u>

- હાલની અરજી મંજુર કરવામાં આવે છે.
- આરોપીને પ્રોહી. ની કલમ–૮૫ માંથી બીન તહોમત છોડી મુકવામાં આવે છે.
- આરોપી સામે કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૧૨/૨૦૨૩ (મોહંમદ સઈદ મહેમુદમીયા શેખ)
રાજકોટ. ૨૦ મા એડી. સીનીચર સીવીલ જજ, રાજકોટ.
UIC No. GJ01200